# આઇ.પી.એલ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડતા ઇસમોને શોધી કાઢતી પી.સી.બી. બ્રાંચ

તા.૧૩/૦૪/૨૦૧૭

પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરનાઓની સુચનાથી સુરત શહેર વિસ્તારમાં આઇ.પી.એલ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડતા ઇસમોને શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ જે સુચના અન્વયે તા.૧૨/૦૪/૦૧૭ ના રોજ પો.સ.ઇ. એસ.ઓ.જી. તથા પી.સી.બી શાખાના પોલીસ માણસો નાઓને મળેલ બાતમી આધારે રાંદેર રૂષભ ચાર રસ્તા પાસે, સુર્યપુર સોસાયટી, મકાન નં.ઇ/૧૨ ના બીજા માળે રેઇડ કરતા આરોપીઓ (૧) કમલેશભાઇ સેવંતીલાલ દોશી ઉ.વ.૪૩ રહે. ૪૦૨/એ, ચિંતામણી એપાર્ટમેન્ટ લીંબાચા ફળીયા, કતારગામ, સુરત મુળ રહે. સુઇ ગામ, તા.વાવ જી.બનાસકાંઠા,(૨) સંજયભાઇ નાનાલાલ શાહ ઉ.વ. ૪૬ રહે. મકાન નં.ઇ/૧૨, સુર્યપુર સોસાયટી, રૂષભ ચાર રસ્તા પાસે રાંદેર, સુરત (૩) કુંજેશ અમરચંદ કાજી ઉ.વ.૫૮ રહે. ફ્લેટ નં.ડી/૨૦૧, સ્તુતી એવન્યુ પાલ રોડ અડાજણ, સુરત નાઓએ પોતાના કબજા ભોગવટાના મકાનમાં પોતાના આર્થીક ફાયદા સારૂ આઇ.પી.એલ.ની હૈદરાબાદ-મુંબઇ વચ્ચે રમાઈ રહેલ ૨૦-૨૦ ક્રિકેટ મેચ ઉપર મોબાઇલ ફોન દ્વારા ગ્રાહકો જોડે સંપર્ક કરી લગાઇ રૂપે રૂપિયા લઇ પોતાનું કમિશન કાઢી ક્રિકેટ મેચ ઉપર સટ્ટા બેટીંગનો હારજીતનો જુગાર રમી રમાડી જુગારના સાધનો- (૧) ડેલ કંપનીનું લેપટોપ કિ.`.૨૫,૦૦૦/- (ચાર્જર સાથેનું) (૨) ટીવી નંગ-૧ કિં. `.૩,૦૦૦/- (૩) રોકડા રૂપિયા ૨,૬૦૦/- (૪) મોબાઇલ ફોન નંગ-૧૪ જેની કુલ્લે કિ. `. ૩૬,૦૦૦/- તથા ચાર્જેરો નંગ-૨ કિં. `.૧૦૦/- તથા એડપ્ટર નંગ-૧ કિં. `.૧૦૦/- સેટટોપ બોક્ષ નંગ-૧ કિં. `.૫૦૦/- મળી કુલ્લે `. ૬૭,૩૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી તથા ગ્રાહકોએ લગાડેલ રૂપિયા પકડાયેલ આરોપી કમલેશ અમદાવાદ ખાતેના આશીષ સોમનાથ તથા ગોપાલ નાઓ પાસે ફોનથી કટીંગ કરતા હોય જેથી આશીષ સોમનાથ તથા ગોપાલનાઓને વોન્ટેડ જાહેર કરી પકડાયેલ આરોપીઓ વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે તેમજ આગળની વધુ તપાસ રાંદેર પો.સ્ટે. તરફ મોકલી આપવામા આવેલ છે.